# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૩૭/૨૦૧૮-૧૯ થી જા.ક્ર.-૪૩/૨૦૧૮-૧૯ માટે તારીખ-૧૬/૦૭/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૦૭/૨૦૧૮ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ,** ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in/** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | ૫ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૩૭ | ઇન્સ્પેક્ટીંગ ઓફિસર (કોર્ટ ફીઝ), વર્ગ-૧ | ૦૭ | ૦૪ | ૦૨ | - | ૦૧ | ૦૧ | - | - | - | - | - | ૧૪-૧૦-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ |
| ૩૮ | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ (ન. જ.પા. પુ. ક. વિભાગ) | ૧૪૯ | ૧૧૩ | - | - | ૩૬ | ૩૭ | - | - | ૧૧ | ૦૩ | ૦૧ | ૩૦-૧૨-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ | એપ્રિલ-૨૦૧૯ |
| ૩૯ | પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ (મહિલા અને બાળ વિકાસ વિભાગ) | ૦૪ | ૦૪ | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| **૪૦** | **ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ તથા વર્ગ-૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨** | | | | | | | | | | | | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ ૨૧-૧૦-૨૦૧૮<br>મુખ્ય લેખિત પરીક્ષાની સુચિત તારીખ ૧૭,૨૩,૨૪ ફેબ્રુઆરી | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ ડિસેમ્બર-૨૦૧૮<br>મુખ્ય લેખિત પરીક્ષાના પરિણામનો સંભવિત માસ જુન-૨૦૧૯ | જુલાઇ-૨૦૧૯ |
| વર્ગ-૧ | ૧. ગુજરાત વહીવટી સેવા, જુનિયર સ્કેલ નાયબ કલેકટર / નાયબ જીલ્લા વિકાસ અધિકારી વર્ગ-૧ | ૫૦ | ૨૫ | ૧૩ | ૦૨ | ૧૦ | ૦૮ | ૦૪ | - | ૦૩ | ૦૩ | - | | | |
| | ૨. નાયબ પોલીસ અધીક્ષક | ૦૩ | ૦૩ | - | - | - | ૦૧ | - | - | - | - | - | | | |
| | ૩. સહાયક રાજ્ય વેરા કમિશ્નર | ૧૫ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૧ | - | ૦૧ | ૦૨ | - | | | |
| | ૪. નાયબ નિયામક (વિકસતી જાતિ) | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | | | |
| | ૫. નાયબ નિયામક (અનુસૂચિત જાતિ) | ૦૧ | - | ૦૧ | - | - | - | ૦૧ | - | - | - | - | | | |
| | ૬. મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસ | ૦૫ | ૦૩ | ૦૨ | - | - | ૦૧ | - | - | - | - | - | | | |
| | **વર્ગ-૧ ની કુલ જગ્યાઓ** | **૭૫** | **૩૯** | **૨૦** | **૦૩** | **૧૩** | **૧૩** | **૦૬** | **-** | **૦૪** | **૦૫** | **-** | | | |
| વર્ગ-૨ | ૧. સેકશન અધિકારી (સચિવાલય) | ૧૦ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | | | |
| | ૨. સેકશન અધિકારી (GPSC) | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | | | |
| | ૩. મામલતદાર | ૩૪ | ૧૬ | ૦૭ | ૦૫ | ૦૬ | ૦૫ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૧ | - | | | |
| | ૪. રાજ્ય વેરા અધિકારી | ૪૦ | ૨૨ | ૧૦ | ૦૨ | ૦૬ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ | - | | | |
| | ૫. તાલુકા વિકાસ અધિકારી | ૩૨ | ૧૬ | ૦૮ | ૦૨ | ૦૬ | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૩ | - | | | |
| | ૬. સરકારી શ્રમ અધિકારી | ૨૮ | ૧૬ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૫ | ૦૨ | - | ૦૧ | - | - | | | |
| | ૭. આદિજાતિ વિકાસ અધિકારી | ૧૭ | ૦૯ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ | - | - | - | - | | | |
| | ૮. જીલ્લા નિરીક્ષક જમીન દફતર | ૧૩ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | - | ૦૧ | - | - | | | |
| | ૯. મદદનીશ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી | ૧૦ | ૦૫ | ૦૩ | - | ૦૨ | ૦૧ | ૦૧ | - | - | - | - | | | |
| | ૧૦. સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | | | |
| | ૧૧. અધીક્ષક, નશાબંધી અને આબકારી | ૦૨ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | | | |
| | ૧૨. નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ-૨ | ૩૧ | ૧૮ | ૦૫ | ૦૨ | ૦૬ | ૦૫ | ૦૧ | - | ૦૨ | ૦૧ | - | | | |
| | **વર્ગ-૨ ની કુલ જગ્યાઓ** | **૨૧૯** | **૧૧૯** | **૫૦** | **૧૫** | **૩૫** | **૩૪** | **૧૪** | **૦૫** | **૧૦** | **૦૭** | **૦૧** | | | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | એનાલિટિકલ કેમિસ્ટ (ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી હેઠળ), વર્ગ-૨ | ૦૩ | ૦૩ | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| ૪૨ | કાર્યપાલક ઈજનેર (યાંત્રિક), વર્ગ-૧ | ૦૩ | ૦૩ | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૨૩-૧૨-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ | એપ્રિલ-૨૦૧૯ |
| ૪૩ | ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસર (કમિશનરશ્રી, કુટિર અને ગ્રામ ઉદ્યોગની કચેરી હેઠળ), વર્ગ-૨ | ૧૦ | ૦૬ | ૦૩ | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | - | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | એપ્રિલ-૨૦૧૯ |
| ૨૦* | નાયબ નિયામક, ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવા, વર્ગ-૧ (કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ) | ૦૪ | ૦૩ | ૦૧ | - | - | - | - | - | - | - | - | ૨૩-૦૯-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ |

<u>નોંધ</u>:- * જા.ક્ર. ૨૦/૨૦૧૮-૧૯ ની કુલ જગ્યાઓ ૦૨ ને બદલે ૦૪ કરવામાં આવેલ છે. સદરહુ જાહેરતમાં જગ્યામાં સુધારો થતા આ જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવા જાહેરાત તા. ૧૬-૦૭-૨૦૧૮ થી તા. ૩૧-૦૭-૨૦૧૮ સુધી ફરી ખોલવામાં આવે છે. મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિન-અનામત કક્ષાના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં. આ જાહેરાતની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

(૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના (જા. ક્ર. ૩૭, ૩૮, ૩૯. ૪૧, ૪૨ અને ૪૩) કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) જા. ક્ર. ૪૦ ના સંદર્ભમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય લેખિત પરિક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અને ત્યારબાદ આયોગે નક્કી કરેલા લાયકી ધોરણમાં આવતા કુલ જગ્યાઓના ૦૩ (ત્રણ) ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે.

(૩) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૪) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૫) ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.

(૬) આયોગ દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ માં પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર અનુસાર પ્રસ્તાવિત જાહેરાતો પૈકી બાકી રહેતી જાહેરાતો હવે પછી આપવામાં આવશે.

(૭) ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તા. ૩૧-૦૭-૨૦૧૮ ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૮) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી Online અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાત પણે Confirm કરવાની રહે છે.

તારીખ-૧૫/૦૭/૨૦૧૮